મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૯૨ ટકા
ગાંધીનગર તાપમાન

આજથી દશામા વ્રતનો પ્રારંભ

શહેરમાં માટી અને પ્લાસ્ટર ઓફ પેરિસથી બનેલી સુશોભિત મૂર્તિઓનું વેચાણ

ગાંધીનગર, તા.૩૧

શ્રાવણ મહિનાનો આજથી પ્રારંભ થઈ ગયો છે. શિવજીની પૂજા અર્ચના સાથે આજથી દશામાના વ્રતનો પ્રારંભ પણ થઈ રહ્યો છે ત્યારે શહેરમાં વિવિધ જગ્યાએ દશામાની મૂર્તિ વેચાણમાં છે. માતાજીની મૂર્તિ ખરીદવા માટે મહિલાઓ ઉત્સુક જણાઈ રહી છે. માર્કેટમાં અડધો ફૂટથી લઈ ત્રણ ફૂટની માટી અને પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિ વેચાઈ રહી છે.

આજથી દશામાના વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે શહેરની બહેનો પૂરી શ્રધ્ધા સાથે માતાજીની મૂર્તિ ખરીદી રહ્યા છે. સાથે સાથે તૈયાર પૂજાપા અને ફળફળાદિ પણ માર્કેટમાં વેચાઈ રહ્યા છે. માતાજીની મૂર્તિ માટી અને પ્લાસ્ટર ઓફ પેરિસ સાથે બનેલી અને કાચા કલર સાથે સુશોભિત જોવા મળી રહી છે. અડધો ફૂટથી લઈ ત્રણ ફૂટ સુધીની મૂર્તિ માર્કેટમાં ઉપલબ્ધ છે. જેનો ભાવ ૮૦ રૂપિયાથી લઈ ૧૦૦૦ રૂપિયા સુધીનો છે. માટીની મૂર્તિ લગભગ ૧૦૦ રૂપિયાનીઅડધો ફૂટથી લઈ ૩ ફૂટની ૧૦૦૦ રૂપિયા સુધીમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત પ્લાસ્ટરની મૂર્તિ લગભગ ૮૦ રૂપિયાની એક ફૂટની લઈ ૫૦૦ રૂપિયા ૩ ફૂટ એમ શહેરના મુખ્ય બજાર સે-૨૧, ૨૪ અને ૭માં વેચાઈ રહી છે. મૂર્તિના વેપારીના જણાવ્યા મુજબ માટીની મૂર્તિ પધરાવતા જ પર્યાવરણના બચાવ અંતર્ગત તે પાણીમાં ઓગળી જશે. પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિના પ્રમાણમાં માટીની મૂર્તિ થોડીક મોંઘી પડે છે પરંતુ શહેરીજનો માટીની મૂર્તિની જ વધુ ખરીદી કરી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન હરિયાળી અમાસના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન સ્ટેશનરીના શણગારના હિંડોળાના દર્શન યોજાશે.

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા નરેન્દ્ર વ્યાસ ૩૩૬/૩ આલેખ ફ્લેટ સે-૨૩ના નિવાસસ્થાને રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા બીપીનભાઈ ત્રિવેદી ૭૭૯/૧, સે-૨-સીના નિવાસસ્થાને રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા પંકજભાઈ એન. પાઠક, ૩૧, સંકલ્પ રોયલ સોસાયટી, શાલીન નં.૬ ફ્લેટની પાસે વાવોલ ખાતે સાંજે ૪.૩૦ કલાકે ફળાહાર સાથે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

● ગાંધી-૧૫૦ અંતર્ગત ગાંધી મિત્ર વર્તુળ દ્વારા એન.વી. પટેલ વિદ્યાલય વાવોલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે ગાંધીજીવન દર્શન અને વાર્તાલાપ યોજાશે.

ક્રેડાઈ ગાંધીનગરના ચેરમેન પદે મુકેશ પટેલની વરણી

ગાંધીનગર, તા.૩૦

ક્રેડાઈ ગાંધીનગર (ગાંધીનગર બિલ્ડર એસોસીએશન) જે ક્રેડાઈ ઈન્ડિયા સાથે જોડાણ ધરાવે છે જેના આગામી વર્ષ માટેના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ છે.

ચેરમેન પદે મુકેશભાઈ ડી. પટેલ, પ્રમુખ સુરેશભાઈ એન. પટેલ, ઉપપ્રમુખ કિરણભાઈ ડી. પટેલ, ઉપપ્રમુખ મુકેશભાઈ એસ. ચૌધરી, સેક્રેટરી જશુભાઈ એમ. પટેલ, ખજાનચી સંદિપભાઈ બી. શાહ, જોઈન્ટ સેક્રેટરી દિલીપભાઈ પટેલ તથા યોગેશભાઈ જે. પટેલની વરણી કરવામાં આવેલ છે.

સિવિલ કેન્ટીન પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સિવિલ કેન્ટીન પાસે પાર્ક કરીને સાળાની ખબર કાઢવા માટે ગયેલા બનેવીના બાઈકની ઉઠાંતરી થવા પામી છે. મોડીસાંજે પાર્ક કરેલું બાઈક સવારના સુમારે જોતા ત્યાંથી ગાયબ હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ દહેગામ તાલુકાના જીંડવા ગામના જયંતિજી પ્રહલાદજી ઠાકોર ઉં.વ.૩૬ ખેતી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૨૧ જુલાઈના રોજ તેમના સાળા બિમાર હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે એડમીટ કરેલા હતા. તેઓની ખબર કાઢવા માટે જયંતિજી જીંડવાથી નીકળી ગાંધીનગર સિવિલ આવી પહોંચ્યા હતા અને કેન્ટીન પાસે બાઈક નં.જી. જે.૧૮. સી.પી.૮૯૪૭ પાર્ક કરી ખબર નીકાળવા માટે ગયા હતા અને રાત્રે રોકાયા બાદ સવારે ૬ વાગે ઉઠીને કેન્ટીન પાસે આવ્યા હતા ત્યારે તેઓનું બાઈક પાર્ક કરેલી જગ્યાએ ન દેખાતા આસપાસમાં શોધખોળ આદરી હતી. ત્યારબાદ આજે સેકટર-૭ પોલીસે મથકે બાઈક નં.જી.જે.૧૮. સી.પી.૮૯૪૭ ચોરી થયાની ફરીયાદ નોંધાતા પોલીસે બાઈકને શોધવા માટે ચકો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર શહેરના સેકટર-૭ એ ખાતે આવેલા ભારત માતાના મંદિર પાસે સિઝનના પ્રથમ વરસાદમાં જ મસમોટો ભુવો પડ્યો છે. ભુવાને પગલે વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તંત્ર દ્વારા આડેધડ ખોદકામ બાદ યોગ્ય પુરણના અભાવે ભુવા પડતા હોય છે. ત્યારે સેકટર-૭ માં પડેલ ભુવો ઝડપી પુરાય તેવી માંગ નાગરીકોમાં ઉઠવા પામી છે.

ભાટ ટોલટેક્ષ પાસે મહિલા પર ટ્રેલર ફરી વળતા ઘટના સ્થળે મૃત્યુ

માતા-પુત્ર બાઈક પર કલોલથી દહેગામ પરત ફરી રહ્યા હતા તે સમયે બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક આવેલા ભાટ ટોલટેક્ષ પાસે બાઈક પર પસાર થઈ રહેલા માતા-પુત્રને અકસ્માત નડ્યો હતો. જેમાં બાઈક પરથી નીચે પટકાયેલા માતાના શરીર પર પાછળ આવી રહેલા ટ્રેલરનું ટાયર ફરી વળતા ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું. જયારે યુવકને શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવામાં આવ્યો છે. જયારે ટ્રેલર મુકીને ચાલક ભાગી ગયો હતો. માતા-પુત્ર કલોલથી દહેગામ તરફ જઈ રહ્યા હતા તે સમયે અકસ્માત નડ્યો હતો. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે મહિલાના ભાઈની ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્ફોસીટી પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દહેગામ તાલુકના સામૈત્રી ગામના પુષ્પાબેન નટવરલાલ રાઠોડ (ઉં.વ.૪૦)પોતાના પુત્ર રોનક (ઉં.વ.૨૦) સાથે બાઈક પર કલોલના વડસર ખાતે ગયા હતા. બુધવારે અગીયાર વાગ્યાના સુમારે તેઓ કલોલથી દહેગામ તરફ જઈ રહ્યા હતા. ત્યારે ભાટ ટોલટેક્ષ પાસે કોઈ કારણોસર બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો. બાઈક લઈને અચાનક માર્ગ પર પટકાયેલા પુષ્પાબેનના માથા પર પાછળથી આવતા ટ્રેલર નં. આરજે૧૯જીઈ-૧૧૦૭ નું ટાયર ફરી વળ્યું હતું. જેને પગલે તેમનું બનાવ સ્થળે જ મૃત્યુ નિપજયું હતું. જયારે તેમના પુત્ર રોનકને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે સિવિલ લઈ જવાયો હતો. ઘટનાની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનના જમાદાર અશોકભાઈ તાત્કાલીક બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી. મહિલાના ભાઈ રાકેશભાઈની ફરીયાદને પગલે ઈન્ફોસીટી પોલીસે ફરાર ટ્રેલર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એસ.એન.ચૌધરી ટ્રક ચાલકને પકડી પાડવા માટે ચકો ગતિમાન કર્યા છે.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **જજમેન્ટલ હૈ ક્યા**
૯.૪૫, ૧૨,૪૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫

● **અર્જુન પટિયાલા**
૯.૧૫, ૫.૦૦, ૧૦.૦૦

● **ધૂનકી (ગુજરાતી)**
સાંજે ૬.૧૫ કલાકે

● **ડીયર કોમરેડ (તેલુગુ)**
સાંજે ૭.૨૦ કલાકે

● **ધ લાયન કિંગ**
(૨-ડી હિન્દી) સવારે ૧૧.૫૦ કલાકે અને (૩-ડી હિન્દી) ૯.૩૦, ૨.૪૫, ૫.૨૦, ૭.૫૫, ૧૦.૩૦

● **ચાસની** (ગુજરાતી)
બપોરે ૨.૧૫ કલાકે

● **સુપર-૩૦**
૯.૨૦, ૧૨.૨૫, ૩.૧૦, ૬.૫૫, ૯.૦૦, ૧૦.૦૦

● **સ્પાઈડર મેન ફાર ફોર્મ હોમ** (૩ડી હિન્દી) બપોરે ૧૨.૧૫ કલાકે

● **આર્ટીકલ ૧૫**
સવારે ૧૧.૩૫ કલાકે

● **કબીરસિંહ**
૯.૧૫, ૩.૩૦

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **જજમેન્ટલ હૈ ક્યા**
૯.૨૫, ૧૦.૨૫, ૧૧.૫૫, ૨.૩૦, ૩.૫૦, ૫.૦૫, ૭.૪૦ ૯.૧૫, ૧૦.૧૫

● **અર્જુન પટિયાલા**
૧૦.૨૦, ૧૨.૪૫, ૪.૩૫, ૧૦.૨૫

● **ધૂનકી (ગુજરાતી)**
સાંજે ૬.૨૫ કલાકે

● **ડીયર કોમરેડ (તેલુગુ)**
સાંજે ૭.૦૦ કલાકે

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૯.૧૫, ૧૧.૪૫, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦

● **ચાસની** (ગુજરાતી)
બપોરે ૧.૦૦ કલાકે

● **સુપર-૩૦**
૧૦.૧૫, ૧.૨૫, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

સિવિલમાં પીજી માટે એમસીઆઈની ટીમ દ્વારા તપાસ કરાઈ

ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા વિવિધ ૯ વિભાગમાં પીજી માટે એમસઆઈને દરખાસ્ત કરવામાં આવી હતી. જેને અનુલક્ષી તાજેતરમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના નિષ્ણાંતોની ટીમ દ્વારા ઓથ્થેલમો ડિપાર્ટમેન્ટની ઝીણવટપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ એમસીઆઈના પ્રતિનિધીઓ દ્વારા આંખ વિભાગની ઓપીડી, આઈપીડી, ઓપરેશન થિયેટરની મુલાકાત લઈને હેડ ઓફ ડીપાર્ટમેન્ટની પણ પુછપરછ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં આંખ વિભાગના દર્દીઓ અને સ્ટાફની માહિતી મેળવી હતી. ખુબ જ ઝીણવટપૂર્વક આંખ વિભાગની ચકાસણી કર્યા બાદ અધિકારીઓની ટીમે એમસીઆઈને રીપોર્ટ આપશે અને આ રીપોર્ટના પગલે ગાંધીનગરમાં પીજી બેઠકો નક્કી થશે.

માતૃભાષા અભિયાનમાં લેવાયા સાચી જોડણી લખવાનાં વર્ગો

ગાંધીનગર, તા.૩૧

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની બાવીસમી કાર્યશાળા શનિવારે બાળ વિશ્વ વિદ્યાલય ખાતે યોજાઈ હતી. ગુજરાતી ગઝલ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા કવિ કિશોર જિકાદરાએ આ વર્ગ લીધો હતો. કવિ પોતે ગુજરાતી ભાષા અને વ્યાકરણના અભ્યાસુ અને જાણકાર છે.



કાર્યક્રમનું દિપ પ્રાગટય બાળ વિશ્વ વિદ્યાલયના સેવક દ્વારા કરવામાં આવ્યું જે છેલ્લા ઘણા સમયથી માતૃભાષા અભિયાનમાં નિયમિત સેવા આપે છે. કિશોર જિકાદરાએ કાગળમાં સાચી ખોટી જોડણી આપી એમાંથી સાચી જોડણી સામે ટીક કરવા કહ્યું. સ્વમુલ્યાંકન સાથે એમણે સાચી જોડણીની સમજ આપી. એ સાથે અન્ય કાગળમાં કયાં અનુસ્વર આવે, કયાં ન આવે? એનો સવિસ્તાર મહાવરો કરાવ્યો.

આ કાર્યશાળામાં સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, રણછોડ પરમાર, કિરણ બાલાસરા, ડૉ. પ્રવીણ વાટલીયા સહિત અનેક ભાષા સાધકો હાજર રહ્યા. બીજા સત્રમાં ડૉ. જય ઓઝા દ્વારા સંસ્કૃત સુભાષિત અને એની સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમના સંયોજક સંજય પંડયા હતા.

ધોળાકુવા પાસે એકટીવા ચાલકને ગાય ટકરાતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર ધોળાકુવા ગામ પાસે અચાનક માર્ગ વચાળે દોડી ગયેલી ગાયે એકટીવા ચાલકનો ભોગ લીધો હતો. ગીફટસીટીથી ધોળાકુવા સર્કલ તરફ માર્ગ પર એકટીવા પર જઈ રહેલ યુવક ગાયની અડફેટે આવતા માર્ગ પર પટકાયો હતો. માર્ગ પર નીચે પડતા યુવકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્ફોસીટી પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ દેવભુમી દ્વારકાના જુનુ ગામતલ ગામનો યુવક ગાંધીનગર ગીફટસીટીમાં નોકરી કરતો હતો. સેકટર-૨૧ એમએલએ કવાટર્સ ખાતે રહેતો હતો. ૩૧ વર્ષિય યુવક કરણભા બુધાભા ભઠડ સાડા બાર વાગ્યાના સુમારે એકટીવા લઈને ગીફટસીટી ધોળાકુવા સર્કલ તરફ જઈ રહ્યો હતો. આ સમયે ધોળાકુવા વણઝારાવાસની સામે માર્ગ પર અચાનક એક ગાય દોડી હતી જેની અડફેટે આવી જતા એકટીવા ચાલક યુવક માર્ગ પર પટકાયો હતો. અકસ્માતને પગલે યુવકના માથામાં ગંભીર ઈજાઓ પામી હતી. જેને પગલે દોડી આવેલા નાગરીકોમાંથી વલાદના રાજુભાઈ જેઠાભાઈ જાની (વર્ષ૪૫) એ તાત્કાલીક ૧૦૮ બોલાવીને અજાણ્યા યુવક સાથે જ સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા. ગાંધીનગર સિવિલ પર ફરજ પરના ડોકટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. ગીફટસીટીમાં કોન્ટ્રાકટ પર પ્રાઈવેટ નોકરી કરતા યુવકના મિત્રોને જાણ કરતા તેઓ પણ સિવિલ દોડી આવ્યા હતા. ઘટના અંગે રાજુભાઈ જાનીની ફરીયાદના આધારે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડાયાબીટીશને કુદરતી રીતે કન્ટ્રોલ કરવા માર્ગદર્શન આપતા નિઃશુલ્ક સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૩૧

શું આપ બ્લડસુગર મેનેજમેન્ટ અને ડાયાબીટીશ મેનેજમેન્ટમાં પાયાનો તફાવત શું છે જાણો છો? ડાયાબીટીશને કુદરતી રીતે કેવી રીતે કન્ટ્રોલ કરવો જેથી ક્રમશઃ દવાનો ડોઝ ઘટાડી શકાય? ડાયાબીટીસ થાય જ નહી તે માટે શું કરવું? જો આપ આ સવાલોના જવાબ જાણવા ઉત્સુક હોવ તો આપે તા. ૪થી ઓગષ્ટ રવિવારના રોજ સાંજે ૫ થી ૬.૩૦ કલાક દરમિયાન સેકટર-૨૩માં સ્વામિનારાયણ મંદિરની નજીક શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે યોજાનાર નિઃશુલ્ક સેમિનારમાં ભાગ લેવો જોઈએ. આ સેમિનાર નીમા ફાઉન્ડેશન અને શ્રી અરવિંદ કેન્દ્રના સંયુકત ઉપક્રમે યોજાનાર છે.

ડાયાબીટીસ, બ્લડપ્રેશર, કોલેસ્ટ્રોલ અંગે પાયાની બાતોની જાગૃતિ અંગેનો વાર્તાલાપ સેમિનારમાં યોજાશે જેમાં નીમા ફાઉન્ડેશનના ચેરમેન તથા હોલીસ્ટીક હીલર નટુભાઈ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનાર ડાયાબીટીશ તથા બીપીના તમામ પ્રકારના દર્દીઓ માટે તેમજ ડાયાબીટીશ જેવા મહારોગથી કેવી રીતે બચવું તે જાણવા ઈચ્છતા સ્વસ્થ નાગરિકો માટે પણ ઉપયોગી નિવડશે. સેમિનારમાં સ્થાન મર્યાદાને કારણે મર્યાદિત લાભાર્થીને જ પ્રવેશ આપી શકાય તેમ હોવાથી અગાઉથી નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવવું સલાહભર્યું છે. નિઃશુલ્ક રજીસ્ટ્રેશન માટે મો.નં. ૭૦૪૬૪૦૨૯૨૩ પર વ્હોટસ એપ મેસેજ અથવા નીમા ફાઉન્ડેશનની વેબસાઈટ www.nimafoundation.org માં કિવક ઈન્કવાયરી પર ફોર્મ ભરીને કરી શકાશે.

ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી એક માન્યતા શાસ્ત્રોમાં વર્ણવેલી છે તે એ કે 'દરેક માનવી અજોડ છે.' હવે તો આ વાતનો સ્વીકાર સમગ્ર વિશ્વ દ્વારા કરવામાં આવ્યો છે. દરેક માનવીને ઈશ્વરે કંઈક હુન્નર આપ્યું છે જેના થકી તે પોતાની આગવી ઓળખ બનાવે છે અને મોટે ભાગે આ હુન્નર તેના માટે આજીવિકાનું સાધન પણ બને છે. ગાંધીનગરમાં સોમવારની સાંજે સે-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોની 'મેરી આવાઝ સુનો' કરાઓ કે કલબ દ્વારા આયોજિત શહેરના ઉગતા ગાયક કલાકારોને મંચ પુરું પાડવાના કાર્યક્રમ 'યાદોં કી બારાત'માં ગાયનના શોખીન અનેક કલાકારો તેમની ગાયકી રજુ કરી રહ્યા હતા ત્યારે અશોક પ્રજાપતિ નામના 'જુનિયર દેવ આનંદ' તરીકે ઓળખાતા ૫૧ વર્ષીય કલાકારે દેવ આનંદના ગીતો પર તેમના આગવા અંદાજ સાથે અભિનય નૃત્યો તે પણ તેમની જાણીતી વેશભૂષા સાથે પ્રસ્તુત કરીને દર્શકોના દિલ જીતી લીધા હતા.

ગાંધીનગર જિલ્લામાં આજથી મહિલા સશક્તિકરણ પખવાડિયાનો આરંભ

મહિલા સશક્તિકરણ પખવાડિયા નિમિત્તે આજના દિવસને મહિલા સુરક્ષા દિવસ તરીકે ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લામાં તા. ૧ થી ૧૪મી ઓગષ્ટ સુધી મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવનાર છે. મહિલા સશક્તિકરણ પખવાડિયાના પ્રથમ દિવસ એટલે કે તા. ૧ ઓગષ્ટના દિવસને મહિલા સુરક્ષા દિવસ તરીકે ઉજવવામાં આવશે. આ નિમિત્તે ગાંધીનગરના સેકટર-૮ માં આવેલી આદર્શ નિવાસી કન્યાશાળા, સેકટર-૮, ગાંધીનગર ખાતે મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે કાર્યક્રમનું આયોજન સાંજના ૪.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં મહિલા સુરક્ષા દિવસની ઉજવણી નિમિત્તે મહિલા પોલીસ, એન.સી.સી., હોમગાર્ડ, સ્કુલ-કોલેજના મહિલા જૂથોની તીરંદાજી, ઘોડેસવારી વગેરે જેવા કાર્યક્રમ યોજાશે. તે ઉપરાંત કરાટે અને સ્વરક્ષણની તાલીમ મેળવેલ યુવતીઓ દ્વારા નિદર્શન કાર્યક્રમ યોજાશે. જિલ્લા પોલીસ વડાની કચેરી અને સ્થાનિક પોલીસ સ્ટેશનની મુલાકાત મહિલાઓ દ્વારા લેવામાં આવશે. સુરક્ષા સેતુ, મહિલા સુરક્ષા સમિતિ, અભયમ- ૧૮૧ હેલ્પલાઈન, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર વિષે જાગૃતિ કેળવણી અને મહિલાઓ સાથે સંવાદ કાર્યક્રમ પણ નગરપાલિકા અને તાલુકા મથકો ખાતે યોજાશે.

ગાંધીગનરની સેકટર-૮ આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અને મોબાઈલ એપના ઉપયોગ દ્વારા સ્વ – સુરક્ષા વિશે માહિતગાર કરવામાં આવશે.

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

આગામી પેઢીનું ભાવિ થેલેસેમિયાને કારણે અંધકારમય ના બને તે હેતુથી ગાંધીનગરના સે-૨૩ ખાતેની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં થેલેસેમિયા અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડૉ. વિજય પારેખ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કોલેજ દ્વારા છેલ્લા ૧૮ વર્ષથી આ પ્રકારના થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ દર વર્ષે યોજવામાં આવે છે.

થલેસેમિયા જાગૃતિ કાર્યક્રમમાં રોટરી કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલ, કોલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા તથા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન એનએસએસ યુનિટ, રોટરી કલબ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમે કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ.રથવીએ કર્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવવા આશિષ પટેલ, કરણ ડોડીયા, ઉમંગ ખેની, ક્રૂનિક પટેલ, ધાર્મિક પટેલ, મિતુલ વઢેર, આનંદ જાદવ, રીના ડાયાણી, યુકતા પટેલ, પ્રેક્ષા માવાણી, હસ્તિ આલોન્દ્રા, વિશાલ વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે થેલેસેમિયા જાગૃતિ આધારિત શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ કરાયું હતું.

સાવનભાદો મનોરથ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા તા. ૪ ઓગષ્ટના રોજ સે-૨૧ સ્થિત શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સાવનભાદોના હિંડોળાના દર્શન થશે. જેમાં વર્ષાઋતુના સુંદર વનરાજીના વાતાવરણમાં વરસતા વરસાદ, ગાજવીજ, વીજળીના ચમકારા, કોયલ, મોર, પપીહા જેવા પંખીઓના કલરવ વચ્ચે ઠાકોરજીને હિંડોળે ઝુલાવવામાં આવશે. નગરજનોને આ અલૌકિક દર્શનનો લાભ લેવા સંસ્થાના મંત્રી આર.જે. ગાંધી દ્વારા જણાવાયું છે.